# બાળક : “જો હું ટી.વી. હોત તો ...”

આજનો વાલી ખૂબ જ બીઝી બની ગયો છે. તેની પાસે પોતાના શરીર કે બાળકને સાચવવાનો પૂરતો સમય નથી. આમછતાં આ વાલી ટી.વી. પાછળ વધુને વધુ ઘેલો થઇને પોતાને વધુ બીઝી બનાવી રહ્યો છે. પહેલાંના સમયમાં જ્યારે ટી.વી.નું ચલણ ઓછું હતું ત્યારે નોકરી ધંધાથી ગેર આવેલો માણસ ખાઇપીને ઓટલા પર બેસી પડોશી સાથે વાત કરતો હતો. દરરોજ સાંજે શેરી-મહોલ્લામાં ઓટલા પરિષદો ભરાતી હતી. ચર્ચાઓ થતી, ચાપાણી થતાં, હસી મજાક થતાં અને દરેકનો થાક ઉતરી જતો. પરંતુ આજે નોકરી ધંધાથી ઘેર આવેલ દરેક માણસની પહેલી આંગળી પંખા કે એ.સી.ની સ્વીચ પર પડે છે અને બીજી આંગળી ટીવીની સ્વીચ પર પડે છે. તેને નથી રસ પડોશીમાં કે નથી રસ પોતાના કુટુંબના સભ્યોમાં. તેને રસ છે માત્ર ટી.વી.માં જ. સામે ઘરને સંભાળતી ગૃહિણીને પણ બાળક કે તેના પતિ કરતાં ટી.વી.માં વધારે રસ પડવા લાગ્યો છે. ભૂખ્યા બાળક કે પતિને પણ ચોક્કસ સિરિયલ આવે તે પહેલાં કે પછી જ જમવાની સૂચના આપનાર ઘણિયાણી તેને પોતાનો હક્ક સમજવા લાગી છે.

ટી.વી. ચાલુ થાય ત્યારે ઘરના કોઇ સભ્યે બોલવાનું નહીં. જો કોઇ બોલે તો ઘરના અન્ય સભ્ય તેની બોલતી જ બંધ કરી દે. તેમાં નાના બાળકોની દશા અને દીશા બગડતી જાય છે. આજના બાળકોએ તો ચાવી ભરેલા રમકાડાની જેમ જીવવાનું. મમ્મી-પપ્પા કહે તે અલગ ઓરડામાં જઇને કરવાનું. પોતાની માંગણી કે લાગણી વ્યક્ત કરવી હોય તો પણ મમ્મી-પપ્પાનો મૂડ જોઇને કરવાની. મમ્મી-પપ્પા જો ટીવી જોતા હોય અને બાળક આવીને કોઇ વાત કરે તો દરેક વાલીનો એક જ શબ્દમાં અને એક જ જવાબ હોય છે કે, “કાલ કે પછી”. આજના વાલીને પપોતાના બાળક કરતાં ટીવીમાં વધુ રસ છે. તેને પોતાના બાળક કરતાં ટીવી માટે વધુ લગાવ છે. ટીવી જોતા હોય અને ઘરમાં કોઇ મહેમાન આવે તો પોતે પાણી આપવા ઉભા ન થાય પણલેસન કરતા બાળકને ઊભો કરશે. તેમાં પણ બાળક જો થોડી વાર કરે તો ધમકાવીને કહેશે કે, સાંળતો નથી, મહેમાન આવ્યા છે. તેમને આ આપ કે તે આપ. ત્યારે કહેવાનું મન થાય કે આપ માણસ છો, આપને પણ મનોરંજન જોઇએ. પણ તમે એ ક્યારેય વિચાર્યું છે કે તમે એક વાલી પણ છો. તમારા સંતાનો માટે તમે પૂરતો સમય આપો છો ? તમે બાળકને જેટલું ચાહો છો કે તેની પાછળ જેટલો સમય આપો છો તે પૂરતો છે ? બાળકને કેટલો સમય આપવો જોઇએ, તેની પાસે કેટલું બેસવું જોઇએ, તેને શું અને કેટલું આપવું જોઇએ તે તમે નક્કી કરો છો કે ક્યારેક બાળકને પણ પૂછો છો ? હકીકતમાં બાળકે જે જોઇએ અને જેટલું જોઇએ તે તેને પૂછીને નક્કી કરવું જોઇએ. તેના બદલે તમે જાતે જ દારણા કરીને કે તમારી માન્યતાને આધારે કે તમારી પસંદગીને આધારે જ નક્કી કરો છો. તમે તમારા મય બની જાવ છો. તમે તમને ગમતું, તમારી પસંદગીનું જ, તમારી અનુકૂળતાભર્યું જ કરવા માંગો છો. તમે તમારી અપેક્ષા અને ધારણા પ્રમાણે જ કરવા માંગો છો. બાળકને ક્યારેય પરાધાન્ય આપો છો ?

આજના વાલીના આ વર્તનથી બાળકો એટલા તો કંટાળી ગયા છે કે ના પૂછો. પણ બાપડા-બિચારા બનીને તેઓ સહન કરે છે. તેમનો આ ઉંભરો ઠાલવે પણ ક્યાં? ત્યારે તેમની માનસિક હાલત અને તેમની લાગણી દર્શાવતું એક ઉદાહરણ અહીં રજું કરું છું. જેનાથી તમે આજના સંતાનો તમારી લાઇફ સ્ટાઇલથી કેટલા કંટાળી ગયા છે, કેટલા ના ખૂશ છે જે તમે જાણી શકશો. જો તમે લાગણીશીલ અને ફરજશીલ હશો તો તે તમને જરૂરથી ઝંકૃત કરશે જ, તમને હચમચાવી મુકશે.

બાળકોને શાળામાં નિબંધ લખવાનું કહેવામાં આવ્યું. નિબંધું શીર્ષક હતું " જો હું ટી.વી. હોત તો...". મોટાભાગના બાળકોએ નિબંધમાં લખેલા મુદ્દાઓ નીચે મુજબ હતા.

જો હું ટી.વી. હોત તો મારા મમ્મી-પપ્પા મારી સામે જ સતત બેઠા રહીને મને જોતા હોત. જો હું ટી.વી. હોત તો મારા ઘરના સભ્યો મારા ઘરે આવેલા મહેમાન કરતાં પણ મારી સામે વધુ જોતા હોત.- મારા ઘરના સભ્યો મોડી રાત સુધી મારી સાથે રહેત. -મારા ઘરના સભ્યો સવારે ઊઠીને તરત જ મને જોવે અને સૂઈ જાય ત્યારે પણ મને જોતાજોતા જ સૂઈ જાત - હું જ્યારે બોલતો હોઉં ત્યારે બીજા કોઇને બોલવા ન દે - જો હું ટી.વી. હોત તો મને બોલવાની તક મળે, બીજા કોઇ વચ્ચે બોલે તો તેને ધમકાવીને અટકાવી દે – -મને બોલવાની પૂરતી તક મળે અને ઘરના બધા જ સભ્યો મને સાંભળે -જો હું ટી.વી. હોત તો ઘરમાં મારો જ અવાજ સાંભળવા મળત મારી સારી એવી કાળજી રાખવા આવતી હોત - જો હું મને કંઇક થાય, અને હું બોલવાનું બંધ કરું કે મારું કામ ન કરું તો ઘરના તમામ સભ્યો ઉંચાનીચા થઇને મારી સંભાળ લે ત અને તાત્કાલિક ડૉક્ટરને બોલાવે. મારી કોઇપણ સમ્સયાનું ઝડપથી નિવારણ થાત. - મારા માટે ઘરમાં રહેવાની સુંદર જગ્યા હોત. મારા મમ્મી પપ્પાએ મને બેઠકરૂમમાં મુખ્ય સ્થાન આપ્યું હોત. - મારી સંભાળ ખૂબ જ સારી રીતે લેવાતી હોત. -દરેકની પહેલી પસંદગી હુ જ હોત. -મારી ગેરહાજરી બદાને માટે કષ્ટદાયક લાગે -મારું કહ્યું સાચું માને અને અડોશપડોશમાં પણ તેની ચર્ચા કરત -મારા મમ્મી મને કામ કરતાં કરતાં પણ સાભળે -ઘર બહાર ગયેલા મારા કુટુંબીઓ મને યાદ કરે અને મને જોવા વહેલા ઘેર આવતા હોત, મારી ચિંતા કરતા હોત -મારી પાસે બરજબરીપૂર્વક ક્હયું કરાવે નહીં કે બોલાવે નહીં - મારા ઘરના સભ્યો મને જોઇને હસે, મારામાંથી મારા વાલી કંઇક શીખતા હોત.

આજનો વાલી સજીવ કરતાં નિર્જીવને વધારે પ્રેમ કરવા માંડયો છે. તેના બીઝીપણાને ટી.વી. જોઇને વધારે બીઝી બનાવી રહ્યા છો.આજના વાલી પોતાના બાળક કરતાં ટી.વી. જોવામાં વધારે સમય આપે છે, ત્યારે ઉપરોક્ત મુદ્દાઓ બાળકની સંવેદના પ્રગટ કરે છે. જેને ધ્યાને લો. આજનો બાળક પોતાની જાત ભૂલીને નિર્જીવ ટી.વી. બનવા માંગે છે. કારણ કે તેમ થાય તો તમે તેની પાસે તો બેસો. તેને મહત્ત્વ તો આપો. કેટલી કરુણતા છે આ બાળકની અને આજના વાલીના ટી.વી જોવાના મોહની ! આજે શિક્ષક હોય કે ખેડૂત, નોકર હોય કે માલિક, ધંધાદારી હોય કે નોકરિયાત કોઇને પોતાના બાળક માટે ટાઇમ નથી. આજના વાલીને બાળક કરતાં પોતાનું કામ અને કારકિર્દી વધારે અગત્યના છે. આજે તમે બાળકને ટાઇમ નહી આપો તો ભવિષ્યમાં તે પણ તમને ટાઇમ નહી આપે. તારે જે કરવું હોય તે કર એમ કહીને સ્વતંત્રતા આપો છો તેવો સંતોષ કે ગૌરવ ન લો. હકીકતમાં તમે તેને ટાઇમ આપવા માંગતા નથી માટે એમ બોલો છો. તેની બાજુમાં બેસો, તેને પૂછો, તને જે જોઇએ તે આપવાનો પ્રયત્ન તમે આજે કરશો તો જ તે ભવિષ્યમાં તમારે જે જોઇએ છે તે આપશે. તમારી ધારણા કે માન્યતા તેની પર ઠોકી ના બેસાડશો. વહુ આવ્યા પછી તે તમારો નથી બનતો તેનું કારણ પણ આ જ છે, તેને પ્રેમ કરનાર અને પ્રેમ આપનાર એક પાત્ર આવી ગયું છે.